# બસો બ્યાંસી નવપરગણા ગરો-બ્રાહ્મણ સમાજનો ૧૫મો સમૂહલગ્નોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૬

બસો બ્યાંસી નવપરગણા ગરો-બ્રાહ્મણ સમાજનો ૧૫મો સમૂહલગ્નોત્સવ આજરોજ ગાંધીનગર શહેરના સેકટર-૬ના મેદાન ખાતે યોજાયો હતો. જેમાં ૧૨ નવયુગલોએ પ્રભુતામાં પગલા પાડીને નવા જીવનની ઈનીંગની નવપરગણા ગરો-બ્રાહ્મણ સમાજ સમૂહ લગ્નોત્સવ સમિતિ દ્વારા આયોજીત ૧૫માં સમૂહ લગ્નોત્સવમાં ૧૨ નવદંપતિઓ જોડાયા હતા. વહેલી સવારથી જ ગ્રાઉન્ડમાં વિવિધ ધાર્મિક પ્રસંગો યોજાયા હતા. જેમાં સવારે ૭.૧૫ કલાકે ગણેશ સ્થાપન, લગ્નવિધી પ્રસંગે સમૂહલગ્ન સમિતિ દ્વારા નવદંપતિઓને બેટી બચાવો અભિયાન અંતગર્ત દિકરી વધાવવાના શપથ લેવડાવ્યા હતા.આ સમુહલગ્નમાં અંદાજીત ૧૨ હજારથી વધુ સમાજના ભાઈ બહેનો જોડાયા હતા અને સમુહ લગ્નની મોજ માણી હતી. જયારે



શરુઆત કરી હતી. આ પ્રસંગે સમૂહ લગ્નોત્સવ સમિતિ દ્વારા નવદંપતિઓને બેટી-બચાવો અંતગર્ત દિકરી વધાવવાના શપથ લેવડાવ્યા હતા.આ પ્રસંગે સમાજના આગેવાનો તેમજ દાતાઓ સહિત ૧૨ હજારથી વધુ ભાઈ બહેનો હાજર રહ્યા હતા અને સમૂહલગ્નની મોજ માણી હતી.

ગાંધીનગર શહેરના આંગણે સેકટર-૬ ખાતે બસો બ્યાંસી ૧૦.૩૦.૧૨ કલાક દરમિયાન, સત્કાર સમારોહ બપોરે ૩.૩૦ કલાકે કન્યા વિદાયનો પ્રસંગે સાંજે ૫ કલાકે યોજાયો હતો.

જયારે બપોરે સ્વરુચી ભોજન રાખવામાં આવ્યું હતું. સમૂહ લગ્ન સમિતિ દ્વારા નવવધુઓને અંદાજીત ૮૦ જેટલી વિવિધ ચીજવસ્તુઓ આપવામાં આવી હતી. જયારે બપોરે યોજાયેલ સત્કાર સમારોહ સમુહલગ્નને કારણે સવારથી જ સેકટર-૬ના મેદાન ખાતે અનેરો માહોલ જોવા મળ્યો હતો. જયારે સમૂહલગ્નમાં આવેલ આગેવાન અને મહેમાનોનું સ્વાગત કરાયું હતું. જયારે દયારામ બાપુ ગાદીપતિ મહર્ષિ સ્વામી તેજાનંદ મંદિર ઝીંઝુંવાડા કાળીદાસ બાપુના દિગસર ગાદીના મહંત એ આર્શિવચન પાઠવ્યા હતા.

# ઊંઝાની કેટલીક બેંકો દસ રૂપિયાના ચલણી નોટો ન સ્વિકારાતાં સર્જાયો વિવાદ

ઊંઝા, તા. ૬

વેપારી મથક ઊંઝા શહેરમાં દસ રૂપિયાની ચલણી સિક્કા ચલણમાં માન્ય હોવા છતાં કેટલીક બેંકો સહિત કેટલાક નાના ધંધાર્થીઓ, વેપારીઓ સ્વીકારવાનો ઈન્કાર કરતા હોઈ લોકો મુશ્કેલીમાં મુકાયા છે.

ઊંઝા શહેરમાં છેલ્લા કેટલાક વખતથી દસ રૂપિયાના ચલણી સિક્સા ચલણમાં માન્ય હોવા છતાં બેંકો તેમજ નાના મોટા કેટલાક દુકાનદારો સિક્કા લેવા માટે ઈન્કાર કરી રહ્યા છે. શહેરમાં રાષ્ટ્રિયકૃત તેમજ ખાનગી બેંકોની શાખાઓ આવેલ છે. જે પૈકી મોટા ભાગની બેંકો દસનો સિક્કો સ્વીકારતી નથી. શહેરમાં એક્સીસ બેંક દ્વારા પણ દસના સિક્કા લેવા માટે ઈન્કાર કરાય છે. શહેરના એક નાગરિક એક્સીસ બેંકમાં દસના ચલણી સિક્કા જમા કરાવવા માટે જતાં બેંક તરફથી ધરાર ઈન્કાર કરવામાં આવ્યો હોવાનો અહેવાલ મળ્યો છે. આમ દસ રૂપિયાના ચલણી સિક્કા ચલણમાં માન્ય હોવા છતાં ઈન્કાર કરાતા લોકો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. ખાસ કરીને નાના ધંધાર્થીઓ, દુકાનદારો, દૂધનું વેચાણ કરનારાઓ પાસે આવા સિક્કાઓનો ભરાવો થઈ ગયો છે. જેથી તેઓ ભારે મુંઝવણમાં મુકાયા છે.

# ખેડબ્રહ્મા તાલુકાના ઉંચીધનાલ ગામમાં દબાણ દૂર કરવામાં આવ્યા

ખેડબ્રહ્મા, તા. ૬

ખેડબ્રહ્મા તાલુકાના ઉંચિધનાલ ગામમાં હાઈકોર્ટના ઓર્ડરથી ૪૪ જેટલા ગામતળમાં થયેલ દબાણો શુક્રવારના રોજ તાલુકા પંચાયત દ્વારા તોડવામાં આવ્યા હતા.

ઉંચિધનાલ ગામમાં થયેલ ગામતળના દબાણ દૂર કરાવવા માટે ગામના પટેલ ડાહ્યાભાઈ માધુભાઈ દ્વારા અનેક રજુઆત બાદ પણ ગામમાના દબાણ ન હટતા તેમણે ગત તા. ૧૫-૯-૨૦૧૬ના રોજ હાઈકોર્ટમાં સ્પે. સિવિલ એપ્લીકેશન નં. ૧૦૮૯૫/૨૦૧૫ દ્વારા અરજી કરેલ હતી. જે અંતર્ગત હાઈકોર્ટે દબાણ હટાવવા ઓર્ડર કરેલ હતો. જેને લઈ ગ્રામ પંચાયત દ્વારા દબાણ દૂર કરવામાં આવ્યા હતા. પરંતુ હાઈકોર્ટમાં જાણ ન કરતાં કોર્ટ ઓફ કન્ટેમ થતા કોર્ટ દ્વારા ખેડબ્રહ્મા તાલુકા વિકાસ અધિકારી અને સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારીને કોર્ટ ઓફ કન્ટેમ નં. ૩૭૭૪/૧૬ અંતર્ગત દબાણો દિન ત્રણમાં તોડવા ઓર્ડર કરેલ હતો. પરંતુ દબાણો ન હટતા ખેડબ્રહ્મા તાલુકા વિકાસ અધિકારી વી.સી. બોડાણા, કે.કે. દાવડા, મહેશભાઈ પટેલ, આર.બી. પટેલ અને તાલુકા પંચાયત ખેડબ્રહ્માના સ્ટાફ દ્વારા એક સી.પી.આઈ., બે પી.એસ.આઈ. અને પોલીસ પ્રોટેક્શન રાખી શુક્રવારના રોજ દબાણ તોડવાની કાર્યવાહી હાથ ધરી દબાણ માપણી કરી લોકોના નીકળતા દબાણ દૂર કરવામાં આવ્યા હતા જ્યારે ૬ વ્યક્તિઓના મકાન દબાણ દૂર કરવા જતા પડી જવાની હાલતમાં હોઈ તેમને ૧૦ દિવસની મુદતમાં સ્વેચ્છાએ પોતાની રીતે દબાણ હટાવવાનું જણાવાવમાં આવ્યુ હતુ.



અરવલ્લી જિલ્લામાં મુખ્ય મથક મોડાસા ખાતેની મુખ્ય ડાકઘરમાં એકધારી ૨૬ વર્ષની દીર્ઘકાલીન સેવાઓ આપી નિવૃત્ત થતા પોસ્ટમેન એમ.જી.પટેલ(મોટી ઈસરોલ)નો મહેસાણાના નિવૃત્ત સુપ્રિન્ટેન્ડેન્ટ એસ.ડી.ગામેતી, મોડાસાના એ.એસ.પી. યાદવ, રાયગઢ એસ.પી.એમ. જીતુભાઈ બલાતની ઉપસ્થિતિમાં વિદાય સન્માનનો કાર્યક્રમ મોડાસા ખાતે યોજાયો હતો. જેમાં એમ.જી. પટેલની યશસ્વી સેવાઓને બિરદાવાઈ હતી અને શાલ ઓઢાડી તેમજ મોમેન્ટો આપી તેમનું સન્માન કરાયું હતું.







## પંચમહાલના વીર શહીદ સુનિલ પટેલને મુખ્યમંત્રીએ અંજલી આપી

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ભારતીય સેનામાં કાશ્મીર-સિયાચીન સેકટરમાં ફરજ બજાવતાં શહાદત વ્હોરનાર પંચમહાલ જિલ્લાના ઓરવાડાના સપૂત સુનિલ પટેલના નિવાસસ્થાને જઈ શ્રધ્ધાંજલિ-ભાવાંજલિ અર્પણ કરી હતી. મુખ્યમંત્રીએ સીયાચીનમાં હિમવર્ષાની કુદરતી આફતમાં પણ વતન પરસ્તી માટે અડીખમ ફરજ બજાવીને પ્રાણ ન્યોચ્છાવર કરનારા ૫૧ રાયફલ્સના સૈનિક સુનીલ પટેલને અન્ય યુવાનો માટે જૂસ્સો-રાષ્ટ્રભકિતના પ્રેરણાસ્ત્રોત ગણાવ્યા હતા. વિજયભાઈ રૂપાણીએ સ્વર્ગસ્થ સુનિલભાઈના ધર્મપત્નીને રાજ્ય સરકારની સહાય રૂપે ૨ લાખ ૫૧ હજારનો ચેક મુખ્યમંત્રી રાહતનિધિમાંથી અર્પણ કર્યો હતો. તેમણે બારીયા જ્ઞાતિ સમાજ દ્વારા સ્વૈચ્છિક એકત્ર કરાયેલ રૂ. ૧ લાખનો ચેક પણ અર્પણ કર્યો હતો. મુખ્યમંત્રીએ વીર શહીદ સુનિલ પટેલના શોકસંતપ્ત પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. તેમણે આ વીરસપૂતની તસ્વીર સમક્ષ પુષ્પાંજલિ આપી હતી.

# રાજ્યભરમાં તીવ્ર ઠંડીનું મોજું

## ગુજરાત ફરી તીવ્ર ઠંડીના સકંજામાં આવ્યું : નલિયામાં પારો ૬.૬

અમદાવાદ સહિત ગુજરાતભરમાં ફરી એકવાર કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. કોલ્ડવેવની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. આજે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પારો ખૂબ જ ગગડી ગયો હતો. અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાન ઘટીને ૧૦.૨ ડિગ્રી થઈ ગયું છે. જયારે પાટનગર ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન સાત ડિગ્રી થયું હતું. આવી જ રીતે ડીસામાં પારો ૯ ડિગ્રી સુધી નીચે રહ્યો હતો. નલિયામાં તો પારો એકદમ નીચે જઈને ૬.૬ સુધી રહ્યો હતો. કચ્છ-માંડવીમાં સાત ડિગ્રી તાપમાન રહ્યું હતું. આનો મતલબ એ થયો કે આજે ગુજરાત ઠંડુગાર રહ્યું હતું અને લઘુત્તમ તાપમાનમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. કચ્છ પ્રદેશમાં કોલ્ડવેવની સ્થિતિ પ્રવર્તી રહી છે. હવામાન વિભાગ તરફથી પણ સૌરાષ્ટ્ર અને કચ્છમાં કોલ્ડવેવ માટેની ચેતવણી જારી કરવામાં આવી છે. જેથી લોકોને આગામી દિવસોમાં ફરીથી સાવધાન રહેવાની જરૂર પડશે. લોકો માની રહ્યા હતા કે ઠંડીની પૂર્ણાહુતિ થઈ ગઈ છે પરંતુ એકાએક તીવ્ર ઠંડીની વાપસી થઈ છે અને પારો રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગગડી ગયો છે. લોકો ફરીવાર ગરમ વસ્ત્રો કાઢી ચુક્યા છે. દિવસ દરમિયાન લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ દેખાયા હતા. ઠંડા પવનોનો અનુભવ લોકોએ કર્યો હતો. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે કચ્છ ઉપર કોલ્ડવેવની સ્થિતિ રહેલી છે. જેથી આગામી બે ત્રણ દિવસ દરમિયાન પારો નીચી સપાટી ઉપર રહી શકે છે. હાલમાં જ સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં વાતાવરણમાં પલ્ટો આવ્યા બાદ માવઠાના સમાચાર મળ્યા હતા. ઘણા વિસ્તારમાં અમી છાંટણા થયા હતા. દેવભૂમિ દ્વારકા અને કચ્છના કેટલાક ભાગોમાં માવઠું થયું હતું.હાલમાં તીવ્ર ગરમીનો અનુભવ અમદાવાદ શહેરમાં થયો હતો. બપોરના ગાળામાં તાપની સ્થિતિ રહી હતી. સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ લઘુત્તમ તાપમાનમાં ગઈકાલે જ ઘટાડાની શરૂઆત થઈ હતી અને આજે સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારમાં પારો ખૂબ નીચે પહોંચી ગયો હતો. જાણકાર લોકો માની રહ્યા છે કે શિવરાત્રી સુધી ઠંડીના ચમકારાનો એક રાઉન્ડ હજુ આવી શકે છે. લોકોની આ ગણતરી ફરી એકવાર સાચી સાબિત થઈ છે અને ઠંડીની સિઝનની પૂર્ણાહુતિ થવા આવી છે ત્યારે તીવ્ર ઠંડીનો ચમકારો આજે અનુભવાયો હતો. સૌરાષ્ટ્ર-કચ્છમાં સૌથી વધુ ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. નલિયામાં રેકોર્ડ ૬.૬ ડિગ્રી સુધી નીચે પારો પહોંચ્યો હતો. હાલમાં જ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં વધારો થયા બાદ એમ લાગી રહ્યું હતું કે ગરમીની શરૂઆત થઈ ગઈ છે પરંતુ ફરીથી ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે.

# વડગામની સાધ્વી જયશ્રીગિરિ સામે વધુ એક ફરિયાદ નોંધાઈ

## પાલનપુરના કાપડના વેપારી પાસેથી અઢી લાખ બદલે ૭ લાખ વસૂલ્યા

બનાસકાંઠા ના વડગામ ની સાધ્વી જયશ્રી ગીરી કાનૂની સકંજા માં ફસાયા બાદ અત્યાર સુધી માં આઠ જેટલી ફરિયાદ નોંધાઈ છે ત્યારે આજે વધુ એક ફરિયાદ પાલનપુર પૂર્વ પોલીસ મથકે નોંધાવા માટે ની તજવીજ હાથ ધરાઈ છે જેમાં પાલનપુર ના કાંતિભાઈ પટેલ નામના રેડીમેડ કાપડ ના વેપારીએ સાધ્વી સામે નોધવાની તજવીજ હાથધરી છે પાલનપુર ના રેડીમેડ ના વેપારી કાન્તીભાઈ પટેલ એ સાધ્વી પાસેથી અઢી લાખ રૂપિયા અઢી ટકા વ્યાજે શરતે લીધા હતા જો કે પાછળથી સાધ્વી એ સાડા સાત લાખ રૂપિયા ચૂકવ્યા હતા છતાં પૈસા બાકી રહેતા છેવટે દુકાન માલિકે પોતાની દુકાન બંધ રાખવાનો નિર્ણય કર્યો હતો તેમજ વ્યાજ ના પૈસા ન ભરાતા સાધ્વી ના સાધકો દ્વારા જ્યુપિટર લઈ લેવાયું હતું ત્યારે કાંતિભાઈ પટેલ દ્વારા પોતાણુ સ્કૂટર લેવા માટે એક સ્ટેમ્પ અને બે કોરા ચેક બાદ સ્કૂટર પરત આપ્યું હતું। જો કે વેપારી એ આજે વ્યાજખોર સાધ્વી ની વ્યાજ તેમજ તેનાપર થયેલા દમનગીરી અંગે પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ ની તજવીજ હાથ ધરી છે ત્યારે હાલ માં સાધ્વી જયશ્રી સામે પાલનપુર માં ૫,વડગામ માં ૧ તેમજ અમદવાદ માં બે અને આણંદ માં એક આમ આઠ પોલીસ ફરિયાદ નોધાઈ છે ત્યારે પાલનપુર માં વધુ એક ફરિયાદ નોંધાતા સાધ્વી ના સાધકો સહીત સમગ્ર વિસ્તાર માં ખળભરાટ સર્જાયો છે.



## ખેડબ્રહ્મામાં પુલ પર જોખમી ટ્યુબલાઈટ

ખેડબ્રહ્મા શહેરના મધ્યમાંથી પસાર થતી હરણાવ નદીના પુલ ઉપર ટ્યુબલાઈટ તુટીને લબડી રહી છે. જે કોઈ વાહન અથવા તો રાહદારીને માથે પડે તેવી હાલતમાં છે. ખેડબ્રહ્મામાં એકબાજુ નવીન પુલ બની રહ્યો છે અને તેની આડશો મુકી છે તો બિલકુલ તેની સામે જ નગરપાલિકાની લાઈટના થાંભલા પર ટ્યુબલાઈટ તેના લોખંડના બોક્સ સાથે છેલ્લા બે દિવસથી લબડી રહી છે. પરંતુ તેને ઉતારવાનો સમય તંત્ર પાસે નથી. આ ટ્યુબલાઈટનું બોક્સથી કોઈ મોટી હોનારત સર્જાય અને કોઈ રાહદારીને વગાડે કે કોઈ ગાડીને નુકશાન પહોંચાડે તે પહેલા સત્વરે ઉતારી લેવી જોઈએ.

# બાયડના રડોદરામાં ખેતરમાંથી મૃતદેહ મળ્યો

અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના રડોદરા ગામે ગામના જ વ્યક્તિની લાશ કોથળામાંથી મળી આવી હતી.ખેતરમાં પાણી વાળવા ગયેલા યુવાનની હત્યા કરી લાશ કોથળામાં પૂરી ફેકી દેવાતા અનેક તર્ક વિતર્કો ઉભા થયા છે.જોકે પોલીસે હત્યાનો ગુનો નોધી ઘટના સ્થળે પહોચી ઝીણવટભરી તપાસ હાથધરી આરોપીને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.

રડોદરાગામના કેશાભાઈ રાવળ શનિવારે ખેતરમાં પાણી વાળવા ગયા હતા.પાણી વાળીને તેઓ ઘરે પરત ફર્યા નહતા. જેથી સગા સંબંધીઓ ધ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી પરંતુ કેશાભાઈનો કોઈજ પત્તો મળ્યો ન હતો.પરંતુ સાંજના સુમારે રડોદરાની સીમમાં આવેલી અવાવરું જગ્યાએથી કોથળામાં પૂરેલી હાલતમાં તેમનો મૃતદેહ મળી આવ્યો હતો.કેશાભાઈનો મૃતદેહ શંકાસ્પદ હાલતમાં મળી આવતા પરિવાર જનોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી હતી.કેશાભાઈને ગામમાં કોઈ જ વ્યકિત સાથે અણબનાવ કે દુશ્મનાવટ ન હોવા છતાં શંકાસ્પદ રીતે તેમનો મૃતદેહ મળી આવતા અનેક તર્ક વિતર્કો સર્જાયા છે.અને આરોપીને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.અને



આ તર્ક વિતર્કો ઉપરથી પડદો હટે અને સત્ય બહાર આવે તેવી માંગ કરી છે.જેથી પરિવારજનોએ બાયડ પોલીસ મથકમાં ફરિયાદ નોધાવી છે.

બાયડ પોલીસે મૃતકના પરિવારજનોની ફરિયાદના આધારે તપાસ શરુ કરી હતી.અને હત્યારાને ઝડપથી ઝડપી પાડવા જીલ્લા પોલીસ અધિક્ષકની સુચના અનુસાર જીલ્લા પોલીસના ધાડેધાડા ઉતારી દીધા હતા.અને પોલીસની એલસીબી,એસઓજી,ડીવાયએસપી તેમજ બાયડ પોલીસ સહિતની જુદી જુદી ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો.અને ઝડપથી આ હત્યાનો ભેદ ઉકેલાય તે માટે શકમંદોને બોલાવી પૂછપરછ હાથ ધરી છે.

અરવલ્લી જીલ્લો શાંત જીલ્લો છે.પરંતુ કેટલાક સમયથી જીલ્લામાં ક્રાઈમરેટ વધ્યો છે.થોડાક સમય પહેલા બાયડ તાલુકાના ડેમાઈ ગામે આજ થીયરીથી હત્યા કરી લાશને કોથળામાં પેક કરી ફેકી દીધી હતી.આ ગુનો પોલીસે બે દિવસમાં જ ઉકેલી દીધો હતો.ત્યારે આજે ફરીથી બાયડ તાલુકાના રડોદરા ગામે અગાઉની જેમજ કોથળામાં પેક કરેલી લાશ મળી આવતા હવે જોવું રહ્યું કે પોલીસ આ હત્યાનો ભેદ ક્યારે ઉકેલશે.

## ૬૯ લાખનો વધારો...

● છેલ્લા પાનાનું ચાલુ

છેલ્લી સામાન્ય સભામાંઆ મુદ્દો સ્થગિત કરવામાં આવ્યો હતો. તે વેળાએ ભાજપે ૨ ટકાની દરખાસ્ત સૂચવવાનો પ્રયાસ કર્યોહતો પરંતુ કોંગ્રેસે પાંચ ટકા વળતર આપવુ જોઈએ તેવી માંગણી ચાલુ રાખતાં આ બેઠક મુલ્તવી રાખવા માટેનું સૂચન સ્થાયી સમિતિના ચેરમેને જ રજુ કર્યુહતુ. જે ઉલ્લેખનીય છે. આજે બે ટકા વળતર આપવાની વાતને બજેટમાંના સુધારા સાથે વણી લેવામાં આવી છે. તેમણે પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે રિસર્વેની કામગીરી શરૂ કરવામાંઆવશે અને માર્ચ માસમાં જ આ કામગીરી શરૂ થાય તે રીતે હાલ કામગીરી ચાલી રહી છે. તેમણે જણાવ્યુ હતુ કે મનપાને જમીન ફાળવણી અંગે સરકાર સાથે હકારાત્મક વાતાવણમાં વાતચીતો આગળ વધી રહી છે અને જમીન ઉપલબ્ધ થતાં જ વિકાસના કામો વેગીલા બનશે અને આ કામોનો કાર્યારંભ થતાં કદાચ મનપાને લોન લેવાની ફરજ પડશે તેવી સ્થિતિ આવે તો નવાઈ ના પામતા.

ચેરમેન પટેલે જણાવ્યુ હતુ કે કમિશનરના ડ્રાફ્ટ બજેટમાં રૂ. ૭૩ કરોડના રિવાઈઝડ અંદાજો રજુ થયા છે તેમાં વધ-ઘટ થવાની સંભાવનાઓ છે એટલે તેમાં સુધારા-વધારા થતાં બજેટની પુરાંત વધી શકે છે.

સોલાર ઊર્જા અંગે તેમણે એવી સ્પષ્ટતા કરી હતી કે નવા પોલ નહિ ખરીદવામાં આવે પરંતુ જે બંધ પડેલા છે તેના મેઈન્ટેનન્સ માટેની વાત અંદાજપત્રમાં કરાયેલી છે જ. અત્યારે કાઉન્સીલરોને ૬ લાખ વિકાસ માટે અને ૧ લાખ સ્વચ્છતા માટે આપવામાં આવે છે તેમાં હવે ૭ લાખ વિકાસ માટે અને ૧ લાખ રૂ. સ્વચ્છતાના કામો માટે ચુકવવામાં આવશે.

## પ્રચાર કરશે ...

● પહેલા પાનાનું ચાલુ

અખિલેશને મુખ્ય પ્રધાન તરીકે સ્વીકાર કરવાનો ઈન્કાર કર્યા બાદ સમાજવાદી પાર્ટીમાં લડાઈ ચરમસીમા પર પહોંચી ગઈ હતી. હવે મુલાયમ સિંહ ફરી હળવુ વલણ અપનાવી રહ્યા છે. અખિલેશની તરફેણમાં પ્રચાર કરવા માટે તેઓ તૈયાર થઈ ગયા છે. ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ગઠબંધનની સ્થિતી છે. પ્રથમ તબક્કામાં ઉત્તરપ્રદેશમાં ૭૩ સીટ માટે ૧૧મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. જ્યારે બીજા તબક્કામાં ૬૭ સીટ માટે ૧૫મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. ત્રીજા તબક્કામાં ૬૯ સીટ માટે ૧૯મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. ચોથા તબક્કામાં ૧૨ જિલ્લામાં ૨૩મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. પાંચમાં તબક્કામાં બાવન સીટ માટે ૨૭મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. છઠ્ઠા તબક્કા માટે સાત જિલ્લામાં ૪૯ સીટ માટે ચોથી માર્ચના દિવસે મતદાન થશે. જ્યારે સાતમાં,અંતિમ તબક્કામાં આઠમી માર્ચના દિવસે ૪૦ સીટમાં મતદાન થશે. અગાઉ મુલાયમસિંહે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે તેઓ પહેલા તેમના નાના ભાઈ શિવપાલ યાદવ માટે પ્રચાર કરશે. ત્યારબાદ તેઓ તેમના પુત્ર અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ દ્વારા જાહેર કરવામાં આવેલા ઉમેદવારો માટે ચૂંટણી પ્રચાર કરશે. અખિલેશ દ્વારા શિવપાલની અવગણના કરવામાં આવી ચુકી છે. મુલાયમસિંહે કહ્યું હતું કે શિવપાલ યાદવ બિલકુલ નારાજ નથી. તેમને પૂછ્યા વગર શિવપાલ યાદવ નવી પાર્ટીની રચના કઈ રીતે કરી શકે છે. ગયા સપ્તાહમાં જ જશવંતનગરમાં ઉમેદવારીપત્ર દાખલ કર્યા બાદ તેમણે કહ્યું હતું કે ૧૧મી માર્ચ બાદ તેઓ નવી પાર્ટીની રચના કરશે. અખિલેશ દ્વારા પડકાર ફેંકવામાં આવ્યા બાદથી મુલાયમસિંહ વિરોધાભાસી નિવેદનો કરી રહ્યા હતા. સૌથી પહેલા તેઓએ કહ્યું હતું કે તેમના સમર્થકો ૧૦૫ બેઠકો પર કોંગ્રેસના ઉમેદવાર સામે ચૂંટણી લડશે. ત્યારબાદ તેઓએ સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ માટે ચૂંટણી પ્રચાર નહીં કરવાની ધમકી પણ આપી હતી.